ReeAshu.com ReeAshu.com ReeAshu.com

આ પ્રશ્નપત્રમાં કુલ 16 છાપેલા પાના છે.

# HJMPW - 2024

કુલ ગુણ : 150
સમય : 120 મિનિટ

ઉમેદવારનો બેઠક નંબર : ____

પ્રશ્નપુસ્તિકા કોડ : **D**

પ્રશ્નપુસ્તિકા નંબર
QUESTION BOOKLET NO.
36612924
SEAL SEAL SEAL SEAL
D HJMPW-2024

ઉમેદવારની સહી : ADV. Vinayak Pandya    ખંડ નિરીક્ષકની સહી : ADV Vinayak Pandya

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

ઉમેદવારોને સૂચના :

(1) ઉમેદવારને મળેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં છપાયેલ ઉત્તરપત્ર નંબર તથા મળેલ પ્રશ્નપત્રનો પ્રશ્નપુસ્તિકા નંબર, બંને ઉમેદવારનો બેઠક નંબર જ છે તેની ખાતરી કર્યા બાદ જ ઉત્તરપત્ર (OMR SHEET)માં જવાબ આપવાનું ચાલુ કરવું. જો ઉપરોક્ત બંને નંબર અલગ હોય તો ખંડ નિરીક્ષકનું આ બાબતે ધ્યાન દોરવું.

(2) આ પ્રશ્નપત્રમાં કુલ 150 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. OMR જવાબવહીમાં E વિકલ્પ આપેલ છે. જે પૈકી E વિકલ્પ "Not Attempted" અંગેનો રહેશે. પ્રશ્નની સાથે ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

ઉદાહરણ તરીકે :
ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?
(A) સરદાર પટેલ (B) સુભાષચંદ્ર બોઝ
(C) મહાત્મા ગાંધી (D) વિનોબા ભાવે

જવાબવહી (Answer Sheet)માં

Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "C" છે. આથી "C"નું વર્તુળ ઘાટું કરેલ છે.
ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહીં.

(3) પરીક્ષા શરૂ થયેથી પૂર્ણ થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) પ્રશ્નપત્ર અને OMR Sheet ઉમેદવારને મળે એટલે તરત જ બંનેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(5) પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે.

(6) ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઈચ્છતા હોય તે E વિકલ્પ પસંદ કરી શકશે. અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં. તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી જવાબવહી (OMR Answer Sheet)માં સંબંધિત પ્રશ્નના ક્રમ સામે આપેલ A, B, C, D, કે E ના વર્તુળને પૂરેપૂરું ભૂરી/કાળી શાહીની બોલપેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઈ પણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસવામાં આવશે નહિ અને આપોઆપ "શૂન્ય" ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ.

(7) OMR પદ્ધતિથી ઉત્તરપત્રોના મૂલ્યાંકન માટે આપના ખોટા જવાબ, એક કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક તથા છોડી દીધેલ જવાબો માટે '0.25' ગુણ કપાત કરવામાં આવશે. એટલે કે આ પ્રકારના જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.

(8) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(9) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક નંબર લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે તેમ છતાં પણ કોઈ નિશાની કે ઓળખ માલુમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(10) ઉત્તરપંત્ર (OMR SHEET)ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંને સહી વિનાની OMR SHEET (ઉત્તરપત્રો) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે.

(11) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, સ્માર્ટ વોચ, કેમેરા, કેલ્કયુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(12) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(13) ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો દર્શાવવાના રહેશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહી (White Ink)નો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

(14) પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર સાથે લઈ જઈ શકશે.

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

1. ગુજરાતી ભાષા જે ગુજરાતની અપભ્રંશમાંથી પરિવર્તિત અને વિકસિત રૂપે આજે છે, તે અપભ્રંશ કયા વિશેષણથી ઓળખાતી ?

(A) 'નાગર' (B) 'ગૌર્જર'

(C) (A) અને (B) બંને (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

2. ગુજરાતી સાહિત્યમાં "આખ્યાનના પિતા" તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) અખો (B) દયારામ

(C) પ્રેમાનંદ (D) ભાલણ

3. નીચેનામાંથી કઈ બાબત વડોદરાના સોળમી સદીના કવિ 'નાકર' સંબંધિત નથી ?

(A) 'ભીલડીના બાર માસ' કૃતિના રચયિતા.

(B) તેઓ દિશાવાળ વણિક હતા.

(C) રામાયણને ગુજરાતીમાં ઉતારવાનો પ્રયત્ન કરનાર હતા.

(D) 'રાવણ-મંદોદરી-સંવાદ' કાવ્યની રચના કરનાર.

4. ગુજરાતી સાહિત્યમાં "વેદાન્તી કવિ" તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) અખો (B) ભાલણ

(C) નરસિંહ મહેતા (D) બાપુ ગાયકવાડ

5. કવિ દલપતરામ કયા યુગના કવિ ગણાય ?

(A) જૈનયુગ (B) અર્વાચીનયુગ

(C) ભક્તિયુગ (D) પંડિતયુગ

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

6. ઓગણીસમી સદીના પ્રારંભના સાહિત્યકાર દુર્ગારામ મહેતાજીએ નીચેનામાંથી કઈ સ્થાપના કરેલી ?

(A) પુસ્તક પ્રસાર મંડળી (B) ગુજરાતી સાહિત્ય પરિષદ

(C) ભારતીય વિદ્યાભવન (D) મફત પુસ્તકાલય

7. નીચેનામાંથી રાજકોટના સાહિત્યકાર વજુકોટક સાથે શું સંબંધિત છે ?

(A) રોમે રોમ વિદ્યાના જીવ (B) 'નટમંડળ'ના સ્થાપક

(C) "લાઈટ" અંગ્રેજી સામયિકની શરૂઆત કરનાર (D) "રૂચિ" સામયિકના સંપાદક

8. "હૈયે તો છું પણ હોઠેથી ભુલાઈ ગયેલો માણસ છું, હું મારા ડાબા હાથે ક્યાંક મુકાઈ ગયેલો માણસ છું." - આ પંક્તિ કોની છે ?

(A) મનહર મોદી (B) મનોજ ખંડેરિયા

(C) રાજેશ વ્યાસ 'મિસ્કીન' (D) જયંત પાઠક

9. ટૂંકી વાર્તાનો કસબી અને 'ધૂમકેતુ' તખલ્લુસ ધરાવનાર સાહિત્યકાર કોણ ?

(A) ઉમાશંકર જોષી (B) ગૌરીશંકર જોષી

(C) રામપ્રસાદ બક્ષી (D) સુરેશ જોષી

10. ગુજરાતના કયા સાહિત્યકારને તેમની કૃતિ "સૌરંધ્રી"ને પોએટ્રી કેટેગરીમાં વર્ષ 2023નો સાહિત્ય અકાદમી એવોર્ડ પ્રાપ્ત થયો ?

(A) વિનોદ જોષી (B) રઘુવીર ચૌધરી

(C) હર્ષ બ્રહ્મભટ્ટ (D) હર્ષદ ત્રિવેદી



ReeAshu.com ReeAshu.com ReeAshu.com

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

11. "ધમધોકાર ચાલતો ધંધો" આવો અર્થ કયા રૂઢિપ્રયોગનો થાય ?

(A) લીલી વાડી
(B) લીલી લેખણ
(C) લીલા તોરણે
(D) લાખ ટકાનું

12. નીચેનામાંથી કઈ કહેવત, અહીં આપેલી કહેવતની વિરુધ્ધાર્થી કહેવત છે ?

"સાઠે બુધ્ધિ નાઠી"

(A) એક કરતા બે ભલા
(B) દાઝ્યા ઉપર ડામ
(C) ઘરડાં ગાડાં વાળે
(D) હીરો ઘોઘે જઈ આવ્યો

13. 'શ્રવણ'ની છૂટી પાડેલી સાચી સંધિ શોધો.

(A) શ્રો + અન
(B) શ્રો + અન
(C) શ્રો + વણ
(D) શ્રવ + ણ

14. નીચેનામાંથી કયો શબ્દ 'ઝાકળ'નો સમાનાર્થી નથી ?

(A) ઓસ
(B) તુષાર
(C) શબનમ
(D) ઉદક

15. "ઓજારને ધાર કાઢવા માટે વપરાતો પથ્થર" એ શબ્દસમૂહ માટે એક યોગ્ય શબ્દ કયો છે ?

(A) છીપર
(B) શાલિગ્રામ
(C) પડળ
(D) પીઢ

16. જે સમાસનું પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય અને ઉત્તરપદ મોટેભાગે સંજ્ઞા હોય તો તે કયા પ્રકારનો સમાસ કહેવાય ?

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

(A) ઉપપદ
(B) દ્વન્દ્વ
(C) કર્મધારય
(D) દ્વિગુ

17. ગુજરાતી છંદમાં આવતા શબ્દો માટે લઘુ-ગુરુ સંજ્ઞાઓ દર્શાવવામાં આવે છે તે મુજબ નીચેનામાંથી કયા શબ્દની લઘુ-ગુરુ રચના ખોટી છે ?

(A) જશોદા → U _ _
(B) પંકજ → U U U
(C) મિનિટ → U U U
(D) તારાજ → _ _ U

18. નીચેનામાંથી કયા શબ્દની જોડણી સાચી નથી ?

(A) ઉધ્ધત
(B) નીતિ
(C) સહાનુભૂતિ
(D) મધુપુષ્પો

19. ગદ્ય પરિચ્છેદ આધારિત પ્રશ્નનો ઉત્તર પસંદ કરો.

"કલા માત્રનો પ્રધાન વિષય માનવ છે. માનવીની છબી ઉપસાવવાનું કામ નવલકથાકાર વિશિષ્ટ રીતે કરતો હોય છે. નવલકથાની નિરુપણ પધ્ધતિમાં ઘટનાઓનું પ્રાબલ્ય અને અદ્‌ભુતનો પુટ આપેલો શૃંગાર, વીર આ એના મુખ્ય રસ છે. પાત્રો અને ઘટનાઓ નવલકથામાં પોતે આકર્ષક હોતાં નથી. સર્જકે યોજેલા સંવિધાનમાં એમને નવું મૂલ્ય પ્રાપ્ત થાય છે. આવા નવા મૂલ્યો રસાસ્વાદ કરાવે છે."

પ્રશ્ન : રસાસ્વાદનું મુખ્ય કારણ કયું છે ?

(A) ઘટનાઓની ભરમાર
(B) આકર્ષક પાત્રો
(C) છટાદાર સંવાદો
(D) સંવિધાન



ReeAshu.com ReeAshu.com ReeAshu.com

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

20. નીચેનામાંથી કયું વાક્ય અશુધ્ધ છે ?

(A) જે કામ કરે તેની ભૂલ થાય.

(B) આ જવાબદારી કોને સોંપાઈ છે ?

(C) મોટા સાહેબ બહાર હોય આજે કામ થશે નહીં.

(D) તમારે શું જોઈએ છે એ લખીને જણાવો.

21. The antonym of 'seldom' is ________.

(A) rare

(B) occasional

(C) alternate

(D) often

22. ________ weakness. I worked for twenty four hours.

(A) Instead of

(B) Because of

(C) Inspite of

(D) In order to

23. Give the right past participle of the verb 'spit'.

(A) spet

(B) spat

(C) spited

(D) spated

24. The officer ________ I complained, took immediate action.

(A) to whom

(B) who

(C) how

(D) for

25. He reads the ________ book as I read last week.

(A) so

(B) some

(C) same

(D) what

26. I don't know the reason ________ Madhuri left her study.

(A) when

(B) why

(C) where

(D) what

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

27. So terrible was the storm ________ whole roofs were ripped off.

(A) that

(B) as

(C) because

(D) what

28. Only ________ brave deserve the fair.

(A) a

(B) an

(C) when

(D) the

29. The time ________ is lost, is lost forever.

(A) when

(B) which

(C) whom

(D) why

30. Bhavik is ________ M.A. student of this college.

(A) a

(B) the

(C) an

(D) who

31. સ્વચ્છ ભારત અભિયાન કયા ક્રમના 2015માં નિર્ધારિત સક્ષમ વિકાસ લક્ષ્યાંક (SDG - GOALS) સાથે સંકળાયેલ છે ?

(A) 10

(B) 4

(C) 8

(D) 6

32. પર્યાવરણને લગતી નીતી અને આયોજન માટેની રાષ્ટ્રીય કાઉન્સિલની રચના ભારતમાં ક્યારે થઈ ?

(A) 1972

(B) 1974

(C) 1970

(D) 1981



ReeAshu.com ReeAshu.com ReeAshu.com

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

33. પાણીના શુધ્ધીકરણ પ્લાન્ટમાં વાયુમિશ્રણ (એરેસન)નો ઉદ્દેશ ....

(A) સૂક્ષ્મકણોને દૂર કરવા માટે
(B) આયર્ન અને મેંગેનીઝના સંયોજનોને દૂર કરવા માટે
(C) પ્રજીવોને દૂર કરવા માટે
(D) ફ્લોક બનાવવા માટે

34. અગ્નિશામક તરીકે ફીણ કયા પ્રકારની આગમાં ઉપોયગી નથી ?

(A) ડી ટાઈપ
(B) સી ટાઈપ
(C) બી ટાઈપ
(D) એ ટાઈપ

35. ઓઝોન વાયુ જીવાણુનો નાશ કરવા માટે ક્લોરીન કરતા કેટલા ગણો અસરકારક છે ?

(A) 500
(B) 800
(C) 2000
(D) 1000

36. કયા પ્રકારનું જાજરૂ સેપ્ટીંક ટેન્કના સિધ્ધાંત પર કામ કરે છે ?

(A) એક્વાપ્રીવી
(B) લીચપીટ
(C) બોરહોલ
(D) વી.આઈ.પી. લેટ્રીન

37. સીવરેઝમાં સીધી લાઈનમાં કેટલા મીટરના અંતરે મેઈનહોલ બનાવવામાં આવે છે ?

(A) 60
(B) 30
(C) 90
(D) 20

38. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સૌથી અગત્યનો તબક્કો

(A) પ્રાથમિક સારવાર
(B) તૃતીય સારવાર
(C) દ્વિતિય સારવાર
(D) સુએઝ ફાર્મીંગ

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

39. એક ટન રીસાઈકલીંગ અને રીયુઝ્ડ કાગળથી કેટલા કીલોવોટ ઉર્જાની બચત થાય છે ?

(A) 21000
(B) 11000
(C) 61000
(D) 41000

40. બાયોમેડીકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ મુજબ સમય વીતી ગયેલ (એક્સપાયર્ડ) દવાઓ કયા રંગના કન્ટેનરમાં સંગ્રહ કરવામાં આવે છે ?

(A) પીળો
(B) લાલ
(C) વાદળી
(D) સફેદ

41. કયું - ફીવરનું કારક છે ?

(A) પ્રજીવ
(B) જીવાણું
(C) રીકેટસિયા
(D) વિષાણુ

42. કોમ્પ્લીમેન્ટ ફીક્સેશન ટેસ્ટનું ઉદાહરણ

(A) વિડાલ ટેસ્ટ
(B) વી.ડી.આર.એલ. ટેસ્ટ
(C) અગાર જેલ ડીફ્યુઝન ટેસ્ટ
(D) વોશરમેન ટેસ્ટ

43. અંકોડી કૃમિ (હુક્વર્મ) માટે સાચું નથી.

(A) લોહી મારફતે પ્રથમ ફેફસામાં ત્યારબાદ હૃદયમાં પ્રવેશે છે.
(B) પુખ્ત કૃમિ નાના આંતરડાના પોલાણમાં રહે છે.
(C) સ્ત્રી અને પુરૂષ બંનેને ચેપ લાગી શકે છે.
(D) સફેદ રંગના ઝાડા થઈ શકે છે.



ReeAshu.com ReeAshu.com ReeAshu.com

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

44. જાપાનીઝ એનસફેલાઈટીસ કયા પ્રકારના મચ્છર વડે ફેલાય છે ?

(A) એડિસ (B) એનોફિલિસ

(C) ક્યુલેક્સ (D) મેન્સોનિયા

45. બેસીલસ ફેરીકસનો ઉપયોગ કયા મચ્છરના પોરાનો નાશ કરવા માટે થાય છે ?

(A) મેન્સોનિયા (B) ક્યુલેક્સ

(C) એનોફિલિસ (D) એડિસ

46. ઝીંક ફોસ્ફાઈડનો ઉપયોગ શેના નિયંત્રણ માટે થાય છે ?

(A) ચાંચડ (B) ઈતરડી

(C) ઉંદર (D) માખી

47. રાષ્ટ્રીય રસીકરણ સમયપત્રક મુજબ 1 વર્ષની ઉંમર સુધીમાં બાળકને રોટાવાયરસની રસીના કેટલા ડોઝ આપવા જોઈએ ?

(A) બે (B) એક

(C) ચાર (D) ત્રણ

48. વિશ્વ આરોગ્ય સભાએ સમગ્ર વિશ્વને શીતળાયુક્ત ક્યારે જાહેર કર્યું ?

(A) મે - 1980 (B) જુલાઈ - 1975

(C) મે - 1975 (D) એપ્રિલ - 1977

49. ક્ષય સારવારમાં બેક્ટેરીયોસ્ટેટીક દવાનું ઉદાહરણ

(A) રીફામ્પીસીન (B) ઈથામબ્યુટેલ

(C) આયસોનાયાઝાઈડ (D) પાયરાઝીનેમાઈડ

50. ખારોકી ઝેરના કેસોમાં કયા બેક્ટેરીયા વડે સૌથી વધુ મૃત્યુપ્રમાણ જોવા મળે છે ?

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

(A) સ્ટેફિલોકોકસ ઓરિયસ (B) સાલ્મોનેલા

(C) ક્લોસ્ટ્રીડિયમ બોટ્યુલિનમ (D) બી. સિરિયસ

51. રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાયદો ભારત સરકારે કઈ સાલમાં શરૂ કર્યો ?

(A) 2009 (B) 2005

(C) 2004 (D) 2007

52. ભારતમાં હૃદયરોગ માટે જવાબદાર પરિબળ

(A) લોહીનું ઉંચુ દબાણ (B) ડાયાબીટીસ

(C) (A) અને (B) બંને (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

53. ગ્રુપ-એ હિમોલિટીક સ્ટ્રેપ્ટોકોકાઈ વડે હૃદય ઉપર થતી અસર-

(A) જન્મજાત હૃદયરોગ (B) રૂમેટિક હાર્ટ ડીસીઝ

(C) હાઈપરટેન્શન (D) એકબાજુના શરીરનો લકવો

54. ગર્ભાશયના મુખના કેન્સરનું કારણ

(A) વહેલા લગ્ન (B) વધુ પડતી સુવાવડ

(C) જાતિય અંગોની અસ્વચ્છતા (D) ઉપરોક્ત પૈકી તમામ

55. ગ્લાયકોસિલેટેડ હિમોગ્લોબીનની તપાસ કયા રોગની દ્વિતિયક રોકથામ માટે જરૂરી છે ?

(A) પાંડુરોગ (B) રૂમેટીક ફીવર

(C) ડાયાબીટીસ મેલીટસ (D) લોહીનું ઉંચું દબાણ



ReeAshu.com ReeAshu.com ReeAshu.com

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

56. .......... મેદસ્વિતાનું કારણ નથી.

(A) બે ભોજન વચ્ચે જમવું
(B) ભુસાવાળું અનાજ
(C) બેઠાડુ જીવન
(D) હતાશા ચિંતા જેવા મનોવૈજ્ઞાનિક કારણો

57. વિશ્વમાં સૌથી વધુ રોડ અકસ્માત કયા દેશમાં થાય છે ?

(A) ભારત
(B) પાકિસ્તાન
(C) ચીન
(D) બાંગ્લાદેશ

58. નીચે જણાવેલ પૈકી ઘરેલુ અકસ્માત ન હોવાનું ઉદાહરણ

(A) ડૂબી જવું
(B) પોઈઝીનીંગ
(C) દાઝી જવું
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

59. .......... તંદુરસ્ત ખોરાક નથી.

(A) પ્રક્રિયા કરેલ પેકેટમાં મળતા ખોરાક
(B) બહારના પડ સાથેનું આખુ અનાજ અને કઠોળ
(C) લીલા પાંદડાવાળા શાકભાજી
(D) છાલ કાઢ્યા સિવાયના ફળો

60. રૂમેટીક ફીવરના જોન્સ ક્રાઈટેરીયાના મુખ્ય મેનીફેસ્ટેશનમાં શેનો સમાવેશ થતો નથી ?

(A) હાર્ડડાયટીસ
(B) પોલીઆર્થરાઈટીસ
(C) ચામડી નીચેની નાડી ગાંઠ (નોડ્યુલ્સ)
(D) તાવ

61. નિષ્ક્રીય કચરાનું ઉદાહરણ

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

(A) પેકેજીંગ મટીરીયલ
(B) લાઈટના બલ્બ
(C) લોખંડ
(D) મેગેઝીન

62. મ્યુનિસિપલ કચરાના ઘટકોમાં કયા પ્રકારના કચરાની ટકાવારી સૌથી વધારે હોય છે ?

(A) સૂકો કચરો
(B) બાયોડીગ્રેડેબલ કચરો
(C) નિષ્ક્રીય કચરો
(D) જોખમી કચરો

63. ઘન કચરાના નિકાલથી શું ફાયદો થાય છે ?

(A) જાહેર આરોગ્યને નુકશાન થતું અટકે
(B) પર્યાવરણમાં પ્રદૂષણ ઓછું થાય
(C) માખો તથા ઉંદરનો ઉપદ્રવ ઓછો થાય
(D) ઉપરોક્ત તમામ સાચાં છે

64. ઘન કચરાના છૂટો પાડવાના નિર્દેશાત્મક લીસ્ટ મુજબ સામાન્ય રીતે લીલા રંગના પીપમાં કયો કચરો નાખવામાં આવે છે ?

(A) કાગળ
(B) પેકેજીંગ
(C) ફળફૂલનો કચરો
(D) બિનવારસી કપડા

65. ઘરગથ્થુ જોખમી કચરાનું ઉદાહરણ

(A) વીજળીના ગોળા
(B) કાચ
(C) રબર
(D) પ્લાસ્ટીક

66. રેસીડેન્સીયલ વેલફેર એસોસીએશન માટે કચરો ભરવાના પાત્રની ક્ષમતા 48 કુટુંબ માટે કેટલી હોવી જોઈએ ?

(A) 120 લી. (50 કિગ્રા.)
(B) 240 લી. (96 કિગ્રા.)
(C) 60 લી. (25 કિગ્રા.)
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં



ReeAshu.com ReeAshu.com ReeAshu.com

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

67. નાના ટાઉન માટે મધ્યમ ગીચ વિસ્તારમાં કેટલા રનીંગ મીટર રસ્તાની લંબાઈ દીઠ એક સફાઈ કામદાર હોવો જોઈએ ?

(A) 100 મી. (B) 300 મી.

(C) 500 મી. (D) 750 મી.

68. રહેણાંક વિસ્તારમાં શેરીઓની સફાઈ દરરોજ કેટલા તબક્કામાં કરવામાં આવે છે ?

(A) ત્રણ (B) એક

(C) ચાર (D) બે

69. કેટલા કિ.ગ્રામથી વધારે કચરો પેદા કરતા એકમોને જથ્થાબંધ કચરાના ઉત્પાદક તરીકે વર્ગીકૃત કરી શકાય ?

(A) 100 (B) 90

(C) 60 (D) 50

70. માનવ હાથથી કચરાનું સંચાલન કરવું કેટલાક અવરોધોને કારણે અનિવાર્ય હોય તો શું કાળજી લેશો ?

(A) સામાજિક સુરક્ષા લાભ સહિત આરોગ્ય વીમાની વ્યવસ્થા કરવી.

(B) સફાઈ કામદારને યુનિફોર્મ, શુઝ, ગ્લોવ્ઝ તથા રક્ષણાત્મક સાધનો પૂરા પાડવા.

(C) સફાઈ કામદારની નિયમિત આરોગ્ય તપાસ કરાવવી.

(D) ઉપરોક્ત તમામ

71. નીચે જણાવેલ પૈકી કઈ પ્રક્રિયા કચરાની એનર્જી પ્રક્રિયા નથી ?

(A) બાયોમિથેનેશન (B) વર્મીકમ્પોસ્ટીંગ

(C) પાયરોલાઈસીસ (D) ગેસીફીકેશન

72. વર્મીકમ્પોસ્ટીંગ માટે કયું વિધાન ખોટું છે ?

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

(A) અળસિયા માટે ભેજવાળુ વાતાવરણ જરૂરી છે.

(B) અળસિયાના શરીરમાં રહેલા જીવાણુ અને ફૂગો જૈવિક પદાર્થ ખાઈ જાય છે.

(C) અળસિયા માટે સૂકુ વાતાવરણ જરૂરી છે.

(D) અળસિયા દ્વારા જૈવિક કચરાના ટુકડે ટુકડા કરવામાં આવે છે.

73. ભષ્મીકરણની પ્રક્રિયા માટે કયું વિધાન ખોટું છે ?

(A) એનર્જીનો પાવર પેદા કરવા ઉપયોગ થઈ શકે છે.

(B) જૈવિક પદાર્થોમાંથી અંદાજિત 65% એનર્જીની પુનઃપ્રાપ્તિ થાય છે.

(C) ઓક્સિજનની હાજરી જરૂરી છે.

(D) જૈવિક પદાર્થોમાંથી અંદાજિત 40% એનર્જીની પુનઃપ્રાપ્તિ થાય છે.

74. બાયોમિથેનેશન માટે કયું વિધાન ખોટું છે ?

(A) ઓક્સિજનની હાજરી જરૂરી છે. (B) જીવાણુની પ્રક્રિયા દ્વારા બાયોગેસ ઉત્પન્ન થાય છે.

(C) હાઈડ્રોજન સલ્ફાઈડ ઉત્પન્ન થાય છે. (D) કચરામાંથી એનર્જી મેળવવાની પ્રક્રિયા માટે ઉપયોગી છે.

75. સુરક્ષિત લેન્ડફીલ કોઈ તળાવમાંથી કેટલા મીટરની અંતરથી નજીક ન હોવું જોઈએ ?

(A) 100 (B) 200

(C) 160 (D) 140

76. સુરક્ષિત લેન્ડફીલની રેમ્પ પધ્ધતિ માટે કયુ વિધાન ખોટું છે ?

(A) જીવાણુઓની પ્રક્રિયા ઉપયોગી છે. (B) બળતણ માટે મિથેન ગેસ મળે છે.

(C) 2 મીટર ઉંડો ખાડો જરૂરી છે. (D) રોગકારક જીવાણું નાશ પામે છે.



ReeAshu.com ReeAshu.com Re

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

77. પાણીનો જમીનમા સ્તરમાંથી પસાર થવાનો વેગ માપવા માટે કયું સાધન વપરાય છે ?

(A) ફ્લોમીટર
(B) લેન્ડબેઝ રડાર
(C) એકોસ્ટીક ડોપલર
(D) લાયસીમીટર

78. મ્યુનિસિપલ ઘનકચરામાં કયા કચરાનો સમાવેશ થતો નથી ?

(A) મ્યુનિસિપલ વિસ્તારનો જૈવ વિઘટન પામી શકે તેવા કચરો
(B) ઔદ્યોગિક જોખમી કચરો
(C) મ્યુનિસિપલ રહેણાંક વિસ્તારમાં ઉત્પન્ન થતો ઘન કચરો
(D) મ્યુનિસિપલ વ્યવસાયિક વિસ્તારમાં ઉત્પન્ન થતો ઘન કચરો

79. મ્યુનિસિપલ ઘનકચરાના પરિવહન માટે શું કાળજી રાખવી ?

(A) પરિહવનના વાહન ઉપરથી ઢાંકેલા હોવા જોઈએ.
(B) કચરો જનતાને દૃશ્યમાન ન હોવો જોઈએ.
(C) કચરો ખુલ્લા વાતાવરણમાં આમતેમ ન ફેલાવો જોઈએ.
(D) ઉપરોક્ત તમામ કાળજી રાખવી.

80. ભુમિપૂરણ કરવાથી થતાં પ્રદુષણને અટકાવવા માટે કયું વિધાન ખોટુ છે ?

(A) લીચેટનું ઉત્પાદન ઓછું કરવું
(B) પૂર તથા કાદવથી બચાવવું
(C) કચરો નિકાલ કરવાના વિસ્તારના તળીયે કાંકરા-પથ્થર પાથરવા
(D) ભુમિપૂરણ ઉપર પાણી વહેતુ અટકાવવું

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

81. પ્રાથમિક આરોગ્યની સેવાઓના માળખાનું મૂલ્યાંકન કઈ સમિતિએ કર્યું ?

(A) ચઢ્ઢા સમિતિ
(B) મુદલિયાર સમિતિ
(C) મુખરજી સમિતિ
(D) કરતારસિંહ સમિતિ

82. પ્રાથમિક આરોગ્યના સંભાળ માટેના સિધ્ધાંતો પૈકી યોગ્ય ટેકનોલોજીનું ઉદાહરણ નથી.

(A) લોપામાઈડનો ઝાડામાં ઉપયોગ
(B) ઓ.આર.એસ.નો ઉપયોગ
(C) ગોબર ગેસ પ્લાન્ટ
(D) ગ્રોથ ચાર્ટ

83. નીચે જણાવેલ પૈકી કયુ કાર્ય માત્ર કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયનું છે ?

(A) ખોરાકમાં ભેળસેળ અટકાવવી
(B) ચેપી રોગોની અટકાયત
(C) આંતરરાષ્ટ્રીય આરોગ્યના સંબધો જાળવવા
(D) નાના બંદરો ઉપર આરોગ્ય વિષયક કામગીરી

84. ભારતમાં વહીવટનું અગત્યનું મુખ્ય એકમ

(A) તાલુકો
(B) ગ્રામ પંચાયત
(C) નગરપાલિકા
(D) જિલ્લો

85. નીચે જણાવેલ પૈકી કોણે જાહેર આરોગ્યની ઉત્તમ વ્યવસ્થા આપી ?

(A) જહોન સ્નો
(B) સી.ઈ. વિન્સ્લો
(C) જોસેફ વિલિયમ ભોર
(D) ચેડવીક



ReeAshu.com ReeAshu.com ReeAshu.com

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

86. સેન્ટીગ્રેડને ફેરનહીટમાં પરિવર્તન કરવાનું સમીકરણ

(A) 6 C = 4 F - 150
(B) 5 C = 3 F - 150
(C) 9 C = 5 F - 160
(D) 8 C = 4 F - 160

87. હાથના અંગુઠાનો કર્ભઅસ્થિ (મેટાકારપસ) અને કાંડાના ટર્પેજીયમ હાડકા વચ્ચે કયા પ્રકારનો સાંધો બને છે ?

(A) વિસર્પી સાંધો
(B) સ્પુવક સાંધો
(C) પિવોટ સાંધો
(D) પર્યાણ સાંધો

88. નીચે જણાવેલ પૈકી કઈ બાબત સ્વૈચ્છિક સ્નાયુની બાબતમાં ખોટી છે ?

(A) આપણી ઈચ્છા મુજબ કાર્ય કરતા નથી.
(B) મધ્યસ્થ ચેતાતંત્ર દ્વારા નિયંત્રિત થાય છે.
(C) અસ્થિતંત્ર સાથે જોડાયેલ નથી.
(D) કામ કરતા થાકતા નથી.

89. શરીરની સૌથી મોટી ગ્રંથિ કઈ છે ?

(A) સ્વાદુપિંડ
(B) બરોળ
(C) યકૃત
(D) એડ્રીનાલ ગ્રંથિ

90. ઓક્સિટોસીન હોરમોન્સ ક્યાં ઉત્પન્ન થાય છે ?

(A) પોસ્ટીરીયર પિચ્યુટરી ગ્રંથિ
(B) અંડાશય
(C) એન્ટીરીયર પિચ્યુટરી ગ્રંથિ
(D) ગર્ભાશય

91. નીચે જણાવેલ પૈકી ઓછો ગ્લાયસેમિક ઈન્ડેક્સ ધરાવતો આહાર કયો છે ?

(A) ચોખા
(B) બાફેલા બટાટા
(C) સફેદ બ્રેડ
(D) દાળ

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

92. આહારી ફાઈબરના ફાયદા

(A) શરીર રચનામાં મદદ કરે
(B) હૃદયરોગ ઘટાડે
(C) અંતઃસ્ત્રાવ ઉત્પન્ન કરવામાં મદદ કરે
(D) રોગપ્રતિકારક શક્તિ વધારે

93. નીચે જણાવેલ પૈકી કયુ વિધાન મેરાસ્મસ ધરાવતા બાળકો માટે સાચુ નથી ?

(A) ઉર્જાની ઉણપ
(B) સુકલકડી શરીર
(C) ક્રોધી સ્વભાવ
(D) સ્નાયુમાં અતિશય ઘસારો

94. કેસરી દાળના ઉપયોગથી કયો રોગ થાય છે ?

(A) એપીલેપ્સી
(B) એપીડેમીક ડ્રોપ્સી (જલોદર)
(C) અર્ગોટીઝમ
(D) લેથરીઝમ

95. રાષ્ટ્રીય મધુપ્રમેહ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત પ્રાથમિક રોકથામ કઈ બાબત નથી ?

(A) જીનેટીક કાઉન્સેલીંગ
(B) પગમાં ગેંન્ગ્રીન સારવાર કરવી
(C) કસરત અને શરીરનું યોગ્ય વજન જાળવવું
(D) જરૂર કરતા વધારે કેલરીવાળો ખોરક લેવો

96. એ.સી.ટી. (આર્ટીમીસીનીન કોમ્બીનેશન થેરાપી) કયા રોગની સારવારમાં ઉપયોગમાં લેવામાં આવે છે ?

(A) કાલા આઝાર
(B) જાપાનીઝ એનકેફેલાઈટીસ
(C) પી.ફાલસીપેરમ મેલેરિયા
(D) ડેંગ્યુ

97. સગર્ભાએ રોજનું કેટલા ગ્રામ પ્રોટીન વધારાનું લેવું જરૂરી છે ?

(A) 14
(B) 9
(C) 11
(D) 7



ReeAshu.com ReeAshu.com ReeAshu.com

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

98. અપગર સ્કોરીંગમાં શેનો સમાવેશ થતો નથી ?

(A) હૃદયના ધબકારા
(B) શ્વસનનો પ્રયાસ
(C) સ્નાયુનો ટોન
(D) શરીરનું ઉષ્ણતામાન

99. માતાના ધાવણમાં 100 ml દૂધમાં કેટલી કેલરી હોય છે ?

(A) 250
(B) 150
(C) 70
(D) 110

100. યુરેનિયમની ખાણમાં કામ કરતા કામદારોને કયું કેન્સર વધારે જોવા મળે છે ?

(A) ચામડીનું
(B) ફેફસાનું
(C) મૂત્રાશયનું
(D) લોહીનું

101. અંગત સ્વચ્છતા દ્વારા કયા રોગને અટકાવી શકાતો નથી ?

(A) ખાસ-ખુજલી
(B) કૃમિ
(C) દાંતનો સડો
(D) ન્યુમોનિયા

102. નિયમિત વાળ ધોવામાં ન આવે તો કયો રોગ થતો નથી ?

(A) વાળમાં જૂ પડવી
(B) મસ્તકની ચામડીમાં ફોલ્લા પડવા
(C) વાળ સફેદ થઈ જવા
(D) ખોડો (ડેન્ડ્રફ) થવો

103. દરરોજ ઓછામાં ઓછુ કેટલી વાર દાંતને બ્રશથી સાફ કરવા જોઈએ ?

(A) એક વાર
(B) બે વાર

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

(C) ચાર વાર
(D) ત્રણ વાર

104. નીચે જણાવેલ પૈકી કઈ બાબત આંખનું રક્ષણ કરતી નથી ?

(A) ખોરાકમાં વિટામીન-એ ની ઉણપ.
(B) માખીનો ઉપદ્રવ ઘટાડવો.
(C) અન્યના હાથરૂમાલનો ઉપયોગ આંખો લૂછવા ન કરવો.
(D) આંખને દિવસમાં બે થી ત્રણ વાર સ્વચ્છ પાણીથી ધોવી.

105. ખોરાકની શુધ્ધતા (સ્વચ્છતા) માટે કયું વિધાન ખોટું છે ?

(A) ફળો અને શાકભાજી પાણીથી ધોઈને વાપરવા જોઈએ.
(B) ખોરાકને ઢાંકીને રાખવો જોઈએ.
(C) બિમાર વ્યક્તિ સાથે જમવું ન જોઈએ.
(D) ફેરિયાઓ પાસેથી કાપેલા ફળો અને શાકભાજી ખરીદવા જોઈએ.

106. મહિલાઓમાં માસિક સમયની સ્વચ્છતા બાબતે કયું વિધાન ખોટું છે ?

(A) માસિક દરમ્યાન દૈનિક કાર્યો કરી શકાય.
(B) સેનીટરી પેડ બદલતા રહેવું જોઈએ.
(C) માસિક દરમ્યાન વારંવાર યોનિ સાફ કરવી જરૂરી છે.
(D) આ બાબતે ઈન્ટ્રવેજીનલ ટેમ્પુન લોકપ્રિય અને પ્રચલિત સાધન છે.


ReeAshu.com ReeAshu.com ReeAshu.com

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

107. બાળકને રોજની લગભગ કેટલા કલાકની ઉંઘ જોઈએ ?

(A) 7 થી 8
(B) 12 થી 14
(C) 9 થી 10
(D) 20 થી 22

108. વ્યાયામ વિશે કયુ વિધાન યોગ્ય નથી ?

(A) નિયમિત સ્વરૂપે વ્યાયામ કરવો જરૂરી નથી.
(B) વ્યાયામ ઘરની અંદર કરી શકાય.
(C) વ્યાયામથી માનસિક તાણ ઘટે છે.
(D) વ્યાયામથી સહકારની ભાવના ફેલાય છે.

109. નીચે જણાવેલ પૈકી કયો વ્યાયામ સક્રિય વ્યાયામ નથી ?

(A) યોગાસન
(B) રમતગમત
(C) વજન ઉંચકવું
(D) મસાજ

110. કબજિયાત અટકાવવા માટે કયું વિધાન યોગ્ય નથી ?

(A) રેસાવાળો ખોરાક લેવો
(B) નિયમિત જુલાબ લેવો
(C) નિયમિત વ્યાયામ કરવો
(D) પાણી અને પ્રવાહી પુષ્કળ પીવું

111. ટ્રેટા સાઈક્લીન અથવા ક્લોરોમાયસેટીન ઓઈન્ટમેન્ટ કયા અવયવનો ચેપ દૂર કરવા વપરાય છે ?

(A) જીભ
(B) ચામડી
(C) આંખ
(D) સાંધાઓ

112. જમીનથી ફેલાતા કૃમિની અટકાયત માટે કયું વિધાન સાચું નથી ?

(A) રાંધેલો ખોરાક ખાવો જરૂરી નથી.
(B) જમતા પહેલા હાથ સાબુ-પાણીથી 20 સેકન્ડ સુધી ધોવા.
(C) બૂટચંપલ પહેરવા.
(D) સ્વચ્છ શૌચાલયનો ઉપયોગ કરવો.

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

113. 'નેશનલ ડીવોર્મીંગ ડે'ના દિવસે કઈ ઉંમરના તમામ બાળકોને આલ્બેન્ડાઝોલની ગોળી ગળાવવામાં આવે છે ?

(A) 0 થી 18 વર્ષ
(B) 0 થી 12 વર્ષ
(C) 1 થી 16 વર્ષ
(D) 1 થી 19 વર્ષ

114. માખી નિયંત્રણ માટેની જાળીની સાઈઝ કેટલી હોવી જોઈએ ?

(A) 11 મેશ પ્રતિ ઈંચ
(B) 8 મેશ પ્રતિ ઈંચ
(C) 14 મેશ પ્રતિ ઈંચ
(D) 6 મેશ પ્રતિ ઈંચ

115. "જૂ" નું આયુષ્ય કેટલું હોય છે ?

(A) 4 થી 6 અઠવાડીયા
(B) 1 થી 2 અઠવાડીયા
(C) 10 થી 12 અઠવાડીયા
(D) 20 થી 22 અઠવાડીયા

116. "દાદર" ફેલાતી અટકાવવા માટે કયુ વિધાન સાચું નથી ?

(A) અંદરના કપડા દરરોજ બદલવા જોઈએ.
(B) "દાદર"વાળા ભાગને ડ્રેસીંગથી ઢાંકવું જોઈએ.
(C) ખંજવાળવાળા ભાગને સાબુ-પાણીથી સાફ કરવો જોઈએ.
(D) હાથના નખ કાપીને ચોખ્ખા રાખવા જોઈએ.

117. પોષણ માટે દરરોજ આહારમાં કેટલા આવશ્યક એમિનોએસિડ લેવા જોઈએ ?

(A) 12
(B) 7
(C) 9
(D) 6



ReeAshu.com ReeAshu.com ReeAshu.com

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

118. ચામડીની જાડાઈ માપવા કયુ સાધન વપરાય છે ?

(A) નીમ્સ માપપટ્ટી
(B) હલપન્ડરનુ કેલીપર
(C) સ્ટેડીયોમીટર
(D) શાકીરની માપપટ્ટી

119. ઉંદર નિયંત્રણ માટે કઈ દવા વપરાતી નથી ?

(A) સોડીયમ બોરેટ
(B) વોરફેરીન
(C) ઝીંક ફોસ્ફાઈડ
(D) ડાયફેનોકોમ

120. દૂધના પાશ્ચુરાઈઝેશનની કાર્યક્ષમતા કઈ કસોટીથી નક્કી કરવામાં આવે છે ?

(A) મિથિલીન બ્લ્યુ રીડકશન કસોટી
(B) ફોસ્ફેટેસ કસોટી
(C) કોલીફાર્મ કાઉન્ટ કસોટી
(D) લેક્ટોમીટર ટેસ્ટ

121. ગુજરાતમાં સફેદ રણ ક્યાં આવેલ છે ?

(A) મુંદ્રા – જિલ્લો - કચ્છ
(B) અંજાર – જિલ્લો - કચ્છ
(C) ધોરડો – જિલ્લો - કચ્છ
(D) નલીયા – જિલ્લો - કચ્છ

122. પ્રસિધ્ધ 'ધમાલ' નૃત્ય ગુજરાતમાં વસેલ કઈ આદિવાસી પ્રજા સાથે જોડાયેલું છે ?

(A) ડાંગી આદિવાસી
(B) પંચમહાલના આદિવાસી
(C) અરવલ્લી જીલ્લાના આદિવાસી
(D) જૂનાગઢ જીલ્લાના સીદ્દી બાદશાહ સમાજના આદિવાસી

123. નીચે આપેલ જોડકા પૈકી કયું જોડકું ખોટું છે ?

(A) શર્મીષ્ઠા તળાવ – પાટણ
(B) મલાવ તળાવ – ધોળકા
(C) હમીરસર તળાવ – ભૂજ
(D) કાંકરીયા તળાવ – અમદાવાદ

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

124. ભાવનગરની આસપાસનો પ્રદેશ કયા નામે ઓળખાય છે ?

(A) પઢિયાર
(B) ગોહિલવાડ
(C) ઝાલાવાડ
(D) સોરઠ

125. ગુજરાતની કઈ નદી ઉપર વણાકબોરી ડેમ આવેલ છે ?

(A) નર્મદા નદી
(B) માઝમ નદી
(C) મહી નદી
(D) વાત્રક નદી

126. 'નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ વાઈરોલોજી' (NIV) એ ભારતમાં ક્યાં આવેલ છે ?

(A) પૂણે
(B) મુંબઈ
(C) અમદાવાદ
(D) ભોપાલ

127. લોકસભાના સભ્ય થવા માટેની લઘુત્તમ વય કેટલા વર્ષની છે ?

(A) 30 વર્ષ
(B) 27 વર્ષ
(C) 25 વર્ષ
(D) 21 વર્ષ

128. 'સિસમોમીટર (Seismometer)' શું છે ?

(A) પવનના સુસવાટા માપવાનું સાધન
(B) પાણીના પ્રવાહની ગતી માપવાનું સાધન
(C) વાતાવરણના ભેજનું પ્રમાણ માપવાનું સાધન
(D) ધરતીકંપની તીવ્રતા માપવાનું સાધન

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

129. ઉષ્ણતામાપક થર્મોમીટરના શોધક કોણ છે ?
(A) વિનફિલ્ડ
(B) ગેલિલિયો ગેલિલી
(C) ઝેડા જિનસિન
(D) રિચાર્ડ ગેટેલિંગ

130. લોહીનું કયું જૂથ યુનિવર્સલ ડૉનર ગણાય છે ?
(A) A ગ્રૂપ
(B) O ગ્રૂપ
(C) AB ગ્રૂપ
(D) B ગ્રૂપ

131. વિટામીન-બી ની ખામીથી કયો રોગ થાય છે ?
(A) સ્કર્વી
(B) સુકતાન
(C) બેરીબેરી
(D) રૂધિરની જમાવટ

132. લાંબામાં લાંબો દિવસ વર્ષની કઈ તારીખે અને માસમાં આવે છે ?
(A) 21મી જૂન
(B) 24મી ઓગષ્ટ
(C) 2જી જુલાઈ
(D) 25મી મે

133. 'વિશ્વ પર્યાવરણ દિન' કઈ તારીખે ઉજવવામાં આવે છે ?
(A) 8મી મે
(B) 30મી ઓક્ટોબર
(C) 5મી જૂન
(D) 27મી માર્ચ

134. વારસાગત લક્ષણોના અભ્યાસને .......... કહે છે.
(A) દેહધર્મવિદ્યા
(B) પરિસ્થિતિવિદ્યા
(C) જનીનવિદ્યા
(D) અશ્મીવિદ્યા

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

135. ઈન્સ્યુલિન શામાં પેદા થાય છે ?
(A) બરોડ
(B) સ્વાદુપિંડ
(C) નાનું આંતરડું
(D) જઠર

136. માનવશરીરમાં હાડકાંની સંખ્યા .......... છે.
(A) 306
(B) 360
(C) 260
(D) 206

137. ભારત દેશનું રાષ્ટ્રીય પક્ષી .......... છે.
(A) પોપટ
(B) કબૂતર
(C) મોર
(D) કોયલ

138. પાણીને શુધ્ધ કરવા માટે નીચે આપેલ વિકલ્પો પૈકી શાનો વપરાશ થાય છે ?
(A) સલ્ફર ડાયોક્સાઈડ
(B) એમોનિયા
(C) હાઈડ્રોજન
(D) ક્લોરીન

139. નીચેનામાંથી કયા ઝાડમાં રહેલા પદાર્થો જંતુનાશક છે ?
(A) કેવડો
(B) લીમડો
(C) આમલી
(D) આસોપાલવ

140. સૂર્યમંડળમાં સૌથી મોટો ગ્રહ નીચે આપેલ વિકલ્પો પૈકી કયો છે ?
(A) ગુરુ
(B) બુધ
(C) શનિ
(D) શુક્ર



ReeAshu.com ReeAshu.com ReeAshu.com

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

141. આંખની સાચવણી તથા જોવાની ક્રિયામાં અગત્યનો ભાગ ભજવતા વિટામીન નીચે આપેલ વિકલ્પો પૈકી કયા છે ?

(A) વિટામીન-B
(B) વિટામીન-D
(C) વિટામીન-A
(D) વિટામીન-C

142. જો એક વેપારી તેની મૂડી દર વર્ષે બમણી કરતો હોય તો અને 4 વર્ષે તે 12 લાખ રૂપિયા બનાવે છે, તો તેણે કેટલી મૂડીથી ધંધો શરૂ કર્યો હશે ?

(A) રૂા. 50,000
(B) રૂા. 1,00,000
(C) રૂા. 75,000
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

143. એ સંખ્યા પાંચ કરતા જેટલી વધારે છે તેટલી જ ઓગણીસ તે સંખ્યા કરતા વધારે છે, તો એ સંખ્યા કઈ ?

(A) 14
(B) 16
(C) 18
(D) 12

144. એક માણસ પોતાના ઘરેથી 3 કિ.મી. પૂર્વ દિશામાં, ત્યાર પછી 4 કિ.મી. દક્ષિણ દિશામાં અને છેલ્લે 6 કિ.મી. પશ્ચિમ દિશામાં જાય છે. તો હવે આ માણસ તેના ઘરેથી કેટલા અંતરે હશે ?

(A) 4 કિ.મી.
(B) 5 કિ.મી.
(C) 6 કિ.મી.
(D) 7 કિ.મી.

145. 2, 5, 10, 17, ___, 37, 50 - આપેલ શ્રેણીમાં ખૂટતી સંખ્યા શોધો.

(A) 30
(B) 21
(C) 23
(D) 26

146. જો 100 વિદ્યાર્થીઓમાંથી વર્ગમાં 75 વિદ્યાર્થીઓએ હિન્દી ભાષા અને 55 વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષા લે તો કેટલા વિદ્યાર્થીઓએ બંને ભાષા (હિન્દી અને સંસ્કૃત) લીધી હશે ?

ReeAshu.com ReeAshu.com ReeAshu.com

(A) 20 વિદ્યાર્થી
(B) 40 વિદ્યાર્થી
(C) 30 વિદ્યાર્થી
(D) 50 વિદ્યાર્થી

147. નીચે આપેલા વિકલ્પો પૈકી કઈ સંખ્યા એવી છે કે જે વર્ગ અને ઘન બંને દર્શાવે છે ?

(A) 8
(B) 16
(C) 32
(D) 64

148. સંખ્યા 11 નો વર્ગ શોધો

(A) 121
(B) 144
(C) 225
(D) 261

149. $\sqrt{1156} =$ ____

(A) 56
(B) 34
(C) 21
(D) 11

150. રાષ્ટ્રીય ટીકાકરણ દિવસ (National Vaccination Day) નીચેના વિકલ્પ પૈકી કયો છે ?

(A) 16મી માર્ચ
(B) 30મી માર્ચ
(C) 16મી એપ્રિલ
(D) 30મી એપ્રિલ


ReeAshu.com ReeAshu.com ReeAshu.com